કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની
પરીક્ષા પાસ કરનાર બિન સરકારી અનુદાનિત
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના
શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને મૂળ
પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ
મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૫/૭૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૯/૨૦૨૦.

**વંચાણે લીધા :-**

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૮/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૫/૨૦૧૭નો પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧૧૫/૭૨૭/ગ.

(૩) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૦૫/૦૮/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ઘ/પેન-૩ /સીસીસી /૨૦૨૦ /૧૪૦૭૦.

**આમુખ :-**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૧૬/૦૫/૨૦૧૭ ના પરિપત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કે જેમણે તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૬ દરમ્યાન સરકાર માન્ય કેન્દ્ર દ્વારા કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય તથા ઉચ્ચતર પગારધોરણ માટેની અન્ય જોગવાઇઓ સંતોષતા હોય તેઓને પાત્રતાની તારીખ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવાની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૨૮/૦૭/૨૦૨૦ના ઠરાવથી જે સરકારી કર્મચારીઓ/અધિકારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા તારીખ ૩૦/૦૬/૨૦૧૬ સુધી પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તેઓએ તા.૦૧/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૨૦ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરેલી હોય તથા ઉચ્ચતર પગારધોરણ માટેની અન્ય જોગવાઇઓ સંતોષતા હોય તેઓને તેમની ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા ઠરાવવામાં આવેલ છે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૦૫/૦૮/૨૦૨૦ ના પત્રથી સામાન્ય વહિવટ વિભાગના તા.૨૮/૦૭/૨૦૨૦ના ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)ના તા.૨૮/૦૭/૨૦૨૦ના ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને નીચેની શરતોને આધીન લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) જે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા તા.30/0૬/૨૦૧૬ સુધી પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તેઓએ તા.0૧/0૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૨૦ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરેલી હશે તથા ઉચ્ચતર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હશે તો તેઓને તેમની ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૨) તા.0૧/0૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સમયગાળા દરમ્યાન લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરી હોય અને અગાઉ ઉચ્ચતર પગારધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજૂર કરાયેલ હોય તો તેવા કિસ્સાઓમાં ફેરફાર કરી ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખથી તે મંજુર કરવાનો રહેશે.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરશે તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, તેઓને ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.0૧/0૯/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

(ટી.એસ.પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

<u>પ્રતિ,</u>

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા. અને મા.શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી(કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે.
- નાયબ સેક્શન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.